# પરમાત્મા સાથે સર્વ સંબંધ

રાજયોગ અર્થાત મનુષ્ય પોતાને આત્મા સમજીને, પરમાત્માના અખૂટ જ્ઞાન, અમાપ શક્તિઓ તેમજ દિવ્ય ગુણોનું અને માનવ સૃષ્ટિના ચક્રનું ચિંતન હાલતા-ચાલતા, ઉઠતા-બેસતા, ખાતા-પીતા, દરેક કાર્યમાં કરીને, પોતાની ઇન્દ્રિયોનો રાજા બનવાનો તેમજ સ્વ-પરિવર્તનનો સતત અભ્યાસ, જે વિશ્વપરિવર્તનનો આધાર છે. રાજયોગમાં અનુભવનું મહત્વ હોવાથી યોગના પ્રયોગ કરીને આપણે શીખવાનું છે. રાજયોગના ચાર આધારમાં પરમાત્માનો સંગ, દૈવીગુણોની ધારણા, શુધ્ધ અન્ન અને પરમાત્મા સાથેના સંબંધનો સમાવેશ થાય છે.

રાજયોગનો ચોથો આધાર પરમાત્મા સાથે સર્વ સંબંધો છે. હિન્દુ ધર્મમાં પરમાત્માનું ગાયન છે કે "ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ; ત્વમેવ વિદ્યા દ્રવિણમ ત્વમેવ, ત્વમેવ સર્વ મમ દેવદેવ". આથી પરમાત્મા આપણા માતા, પિતા, બંધુ, મિત્ર, વિદ્યા, ધન વગેરે સર્વસ્વ છે. વિશ્વમાં દરેક માનવ આત્માના આપણા વ્યવહારિક જીવનના આધારે પરમાત્મા સાથે મુખ્યત્વે નવ સંબંધો હોય છે, જે ચિત્રમાં દર્શાવેલ છે.

હવે ચાલો પ્રયોગ કરીએ કે આપણે તેમની સાથે આવો સંબંધ કેવી રીતે નિભાવી શકીએ. તમારે તમારા કુટુંબીજન, સંબંધીઓ, મિત્રો, સહકાર્યકરો વગેરેમાંથી માત્ર તમને સૌથી વધુ પ્રિય હોય તેવા છ વ્યક્તિઓને પસંદ કરવાના છે. તમારે કોઈને કહેવાના નથી આથી પસંદગી તમારી છે. આ છ વ્યક્તિઓમાંથી બે-બે ના ત્રણ જૂથ બનાવવવાના છે. તો ચાલો તૈયાર. પ્રથમ જૂથમાં તમોને સૌથી પ્રિય બે વ્યક્તિ મુકો. ત્યારબાદ બીજા જૂથમાં અન્ય બે વ્યક્તિ મુકો અને પ્રથમ જૂથમાંથી ફરી મુકવાના નથી. હવે ત્રીજા જૂથમાં અન્ય બે વ્યક્તિ મુકો. હવે તપાસો કે કોઈપણ જૂથમાં પરમાત્મા મુક્યા? જ્યારે આપણે વ્યક્તિઓના જુદા જુદા જૂથો સાથે આવો પ્રયોગ કરીએ છીએ, ત્યારે 99% લોકો ના કહે છે. આપણે ગાતા હોઈએ છીએ કે તેની સાથે સર્વ સંબંધ છતાં શા માટે આપણે તેને ક્યાંય મૂકતા નથી? આપણને ખબર નથી કે તેની સાથે કેવી રીતે સંબંધ બાંધવો? તેથી ચાલો જાણીએ કે પરમાત્મા સાથે આ સંબંધી કેવી રીતે સમજીને નિભાવી શકાય.

પ્રથમ સંબંધ મનુષ્ય શરીર ધારણ કરે તો લૌકિકમાં પણ માતા સાથેનો છે. માતા પ્રથમ શિક્ષક અને ગુરુ પણ છે. માતા આપણને ખાતા, પીતા, હાલતા, ચાલતા, બોલતા, સામાજિક વર્તન વગેરે બાબતો સર્વ પ્રથમ શીખવે છે. પરમાત્મા પણ માતાની જેમજ આ બધી વસ્તુઓ તેમના મહાવાક્યો અથવા મુરલી (બીજાના શરીરનો આધાર લઈને બોલેલા મહાવાક્યો કારણ કે પરમાત્મા નિરાકારી, પ્રકાશરૂપ, સર્વોચ્ચ, સર્વોપરી, સર્વજ્ઞ, જ્ઞાન, શક્તિ અને ગુણોના સાગર છે) દ્વારા શીખવે છે, જે બે વેબસાઈટ ઉપર વિના મુલ્યે (www.babamurli.com, www.madhubanmurli.org) પ્રાપ્ય છે. આ ઉપરાંત કેવું

વિચારવું તે પણ શીખવે છે, જે આ દુનિયાની કોઈપણ વ્યક્તિ, સંસ્થા, કુટુંબ, શાળા, કોલેજ, વિશ્વવિધાલય વગેરે શીખવતા નથી. આથી પરમાત્મા આ સમયે માતા તરીકેનો સંબંધ આત્મા સાથે જોડે છે અને જ્ઞાન તેમજ શક્તિ દ્વારા તેના બાળકોને નવી દુનિયા સ્વર્ગને લાયક બનાવે છે.

| સંબંધ | |
|---|---|
| • માતા | • પિતા |
| • બંધુ | • મિત્ર |
| • શિક્ષક | • સતગુરુ |
| • શસ્ત્રવૈધ | • સાજન |
| • બાળક | |

પરમાત્મા દરેક મનુષ્ય આત્માના પિતા પણ છે. દુનિયામાં પણ પિતા પાસેથી સંતાનોને ધન-સંપત્તિનો વારસો મળે છે. પરમપિતા પરમાત્મા જયારે આ દુનિયામાં એક વૃધ્ધ શરીરનો આધાર લઈને જ્ઞાન અને રાજયોગની મદદથી આ દુનિયાને પાવન સ્વર્ગ બનાવે છે ત્યારે સ્વર્ગનો વારસો તેના સંતાનો અર્થાત આત્માઓને તેમના પુરુષાર્થ મુજબ આપે છે. તેવો પોતાની હથેળી ઉપર તેમના સંતાનો માટે વારસામાં સ્વર્ગ લઈને આવે છે. દુનિયામાં સામાન્ય રીતે વારસો તેમના પુત્રોને મળે છે, પરંતુ પરમાત્માનો વારસો આત્મા માટે હોવાથી તેમાં કોઈ જાતિભેદ દુનિયા જેવો નથી. આથી પરમાત્મા દરેક મનુષ્ય

આત્માના સાચા પિતા છે, જેના દ્વારા દરેક આત્માને મુક્તિ અથવા જીવનમુક્તિનો વારસો મળે છે.

પરમાત્મા દરેક આત્માના બંધુ પણ છે. જેવી રીતે લૌકિક ભાઈ આંગળી પકડીને ચાલતા શીખવે તેમ પરમાત્મા શ્રીમત અર્થાત પોતાની શ્રેષ્ઠ મતની આંગળી પકડીને આત્માને માર્ગદર્શન આપે છે. પરમાત્માના દૈનિક મહાવાક્યોમાં (જે ઉપર જણાવ્યા મુજબ બે વેબસાઈટ ઉપર વિના મુલ્યે પ્રાપ્ય છે) શ્રીમત આપવામાં આવે છે, જેના ઉપર આત્મા આરામથી ચાલી શકે છે. પરમાત્મા દરેક આત્માના મિત્ર પણ છે અર્થાત આત્મા પોતાની કોઈપણ વાત સંકલ્પ દ્વારા પરમાત્મા સાથે કરીને હળવી થઇ શકે. દુનિયાના મિત્ર તો ખાનગી વાત બીજાને કહી શકે, જયારે પરમાત્મા "ખુદા દોસ્ત" તરીકે જાણીતા છે અને દરેક વસ્તુનું નિરાકરણ કરવામાં સદા સાથ તેમજ સમજ અને શક્તિ પણ આપે છે.

પરમાત્મા દરેક આત્માના સર્વોચ્ચ શિક્ષક છે અને દરરોજ નિયમિતપણે ત્રણ પાનના મહાવાક્યો વિના મુલ્યે જાહેર કરે છે, જે ઉપર જણાવ્યા મુજબ બે વેબસાઈટ ઉપર વિના મુલ્યે પ્રાપ્ય છે. આ મહાવાક્યો 365 દિવસ પ્રતિ વર્ષ વાંચવા, સાંભળવા કે જોવા મળે છે, જેમાં કોઈ જાહેર રજા, અઠવાડિયાના અંતની રજા કે લાંબી રજા હોતી નથી. પરમાત્મા દરેક આત્માના સતગુરુ છે. દુનિયામાં ગુરુ છે પણ તેવોને પણ શરીર છોડીને ક્યાં જવાનું છે તે ખબર નથી કારણ કે આત્મા પુનર્જન્મ લઈને અહીં જ આવે છે જે સંમોહનવિધા કે વશીકરણ વિધા (hypnotism) દ્વારા વૈજ્ઞાનિક રીતે સિધ્દ્ થયેલ છે. આથી પરમાત્માને ગુરુઓના પણ ગુરુ સતગુરુ તરીકે સ્વીકારવામાં આવે છે. તેવો આવીને દરેક આત્માને ગતિ અને સદગતિનો સાચો રસ્તો બતાવે છે.

પરમાત્મા દરેક આત્માના શસ્ત્રવૈદ (surgeon) છે અને આત્માની શસ્ત્રક્રિયા કરે છે અર્થાત પતિત આત્માને પાવન બનાવે છે. આથી પરમાત્માને પતિતપાવન કહેવામાં આવે છે. દરેક ધર્મની આત્મા પરમાત્માને પતિતપાવન, મુક્તિદાતા તરીકે આ દુનિયા ઉપર બોલાવે છે. જયારે આત્માઓ અતિ પતિત અને દુઃખી બને છે ત્યારે તેને બોલાવે છે અને તે આવીને પોતાનું શસ્ત્રવૈદ તરીકેનું કાર્ય પૂર્ણ કરે છે. પરમાત્મા દરેક આત્માના સાજન (beloved/husband) પણ છે જે આત્માઓને જ્ઞાન, શક્તિઓ અને ગુણોથી સજાવે છે અને પોતાને ઘેર પરમધામ લઇ જાય છે અને ત્યાંથી પુરુષાર્થ અનુસાર સ્વર્ગમાં મોકલી આપે છે. આથી પરમાત્માને સાજનના પણ સાજન કહેવામાં આવે છે. પરમાત્મા દરેક આત્માને સાચવે છે અર્થાત બાળક તરીકે કાળજી પણ લે છે આથી તેવો આત્માના સંતાન તરીકેની ભૂમિકા પણ ભજવે છે.

આ રીતે પરમાત્માના દરેક આત્મા સાથે નવ સંબંધ છે. જયારે આપણે કોઈપણ ભૂમિકા આ સૃષ્ટિ રંગમંચ ઉપર ભજવીએ ત્યારે મનની અંદર યાદ લાવવાની છે કે તે તમામ સંબંધ પરમાત્મા જોડે પણ છે. આ અભ્યાસથી પરમાત્માની યાદ વધે અને તેના ગુણોની યાદ આવે જેનાથી આપણે પણ "જેવા વિચારો તેવા બની જવાય" મુજબ જ્ઞાન, શક્તિ અને ગુણોથી સંપૂર્ણ માનવ અર્થાત દેવતા અથવા દેવદૂત બની શકીએ અને આ દુનિયા ઉપર સ્વર્ગ આવે.

ચાલો આપણે રાજયોગનો અભ્યાસ કરીએ. આપણે આત્માઓ પરમપિતા પરમાત્માના સંતાન છીએ. તેવો  જ્ઞાન, શક્તિઓ અને ગુણોનો સાગર છે, તેવોને પોતાનું શરીર નથી તેથી તેમની કામ કરવાની રીત અનોખી છે. આપણે આત્મા સમજીને તેવોની સાથે સંકલ્પ દ્વારા જોડાણ કરીએ અને વાત કરીએ. તેવો આપણા જીવનમાં આવતી કોઈપણ સમસ્યાઓ, પરિસ્થિતિ, લોકો, પડકારો, અવરોધોના ઉકેલ માટે તેવો આપણી બુદ્ધિને સ્પર્શ કરીને, તેના દૈનિક મુરલી મહાવાક્યોમાં અથવા કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુને સાધન બનાવીને આપણને મદદ કરે છે. તેવો આપણી આત્માઓને શું વિચારવું, બોલવું અને કરવું તેનું સંપૂર્ણ જ્ઞાન આપે છે, આથી માં તરીકેનો ભૂમિકા ભજવે છે. તેવો પિતા તરીકે આત્માઓને પુરુષાર્થ અનુસાર મુક્તિ અને જીવનમુક્તિનો વારસો આપે છે. તેવો શ્રીમત અનુસાર ભાઈ તરીકે અને કોઈપણ જીવનની વાતને સંકલ્પ દ્વારા વહેંચીને મિત્ર તરીકે આપણી સાથે રહે છે. પરમ શિક્ષક તરીકે દરરોજ તેમના મહાવાક્યો વિના મુલ્યે શીખવે છે અને સતગુરુ તરીકે આત્માઓને સાચો મુક્તિ-જીવનમુક્તિનો રસ્તો બતાવે છે. એક સર્જન તરીકે આત્માની સર્જરી કરીને પતિતમાંથી પાવન બનાવે છે અને સાજન બનીને આત્માઓને તમામ દૈવી ગુણોથી સજાવે છે અર્થાત આપણને દેવતાઓ અથવા દેવદૂત બનાવે છે. દરેક આત્માની સારસંભાળ કરે છે આથી સંતાન તરીકે પણ પાત્ર ભજવે છે. આ રીતે સંસારના તમામ પાત્રો સાથે વ્યવહાર કરીએ ત્યારે આપણા આ સંબંધો પરમાત્મા સાથે પણ છે તેવું યાદ કરવાથી તેમની યાદ વધે અને આપણે તેમના માસ્ટર સર્વશક્તિવાન બનીએ. આપણે આપણું જીવન સ્થિર, શીતળ, શાંત, અચળ અને અડોલ બનાવીએ જે આપણા માનવ જીવનનું લક્ષ છે. પરમાત્માની યાદથી આપણું જીવન સુખ, પવિત્રતા, શક્તિ, શાંતિ અને આનંદથી ભરેલું બને છે.